
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વિષય–પરિચય.


૧. ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ આત્મારામજીનાં સંસ્મરણો અને નમન ... ... કવિ રેવાશંકર વાલજી બધેકા. ૨૦૯
૨. આત્માની ધર્મ વિમુખતાના સંભાવ્ય કારણો. શ્રી ચંપતરાયજી જૈની. ૨૧૨
૩. શ્રી સંઘપૂજાનો મહિમા ... ગાંધી. ... ... ... ૨૧૩
૪. સંસારમાં સ્વાર્થ સિવાય પ્રેમ કે સ્નેહ જેવી કોઇ વસ્તુ નથી. આ. શ્રીવિજયકસ્તુરસૂરિ. ૨૧૬
૫. શ્રી વીરજયંતિ પ્રસંગે સહૃદય જનોનાં હિતાર્થે સ. મુ કર્પૂરવિજયજી મ. ૨૨૩
૬. અષ્ટકર્મ-જ્ઞાનસ્વરૂપ ... રા. ચોકસી... ... ... ૨૨૮
૭. વર્તમાન સમાચાર ... ... ... ... ... ૨૩૧
૮. સ્વીકાર અને સમાલોચના ... ... ... ... ૨૩૨



શ્રી અમરચંદ્રસૂરિકૃત—

### શ્રી તીર્થંકર ચરિત્ર ( ભાષાંતર )

આ ગ્રંથ જેમાં ચોવીશ તીર્થંકર ભગવાનના ઘણા સંક્ષિપ્તમાં ચરિત્રો આપવામાં આવેલ છે. આટલા ટૂંકા, અતિ મનોહર અને બાળજીવો સરલતાથી જલદીથી કંઠાગ્ર પણ કરી શકે તેવા સાદા, અને સુંદર ચરિત્રો આ ગ્રંથમાં છે. જૈન પાઠશાળા, કન્યાશાળા, જૈન વિદ્યાલયમાં ઐતિહાસિક શિક્ષણ તરીકે ચલાવી શકાય તેવું છે. કિંમત દશ આના.

જલદી મંગાવો. ઘણી થોડી નકલો છે. જલદી મંગાવો

### શ્રી ત્રિષષ્ઠિશ્લાકા પુરૂષચરિત્ર પ્રથમ પર્વ.

( શ્રી દેવેન્દ્રસૂરિકૃત ટીકાવાળું )

પ્રતાકારે તથા બુકાકારે સુંદર ટાઇપ, ઉંચા કાગળ, સુશોભિત બાઇન્ડીંગથી તૈયાર છે, થોડી નકલો બાકી છે. કિંમત મુદ્દલથી ઓછી રૂા. ૧–૮–૦ પો. જુદું.

બીજા પર્વથી છપાય છે.

શ્રી ગુણચંદ્રગણિકૃત—

### શ્રી મહાવીર ચરિત્ર ( ભાષાંતર )

આવતા માસમાં પ્રગટ થશે.

શુમારે ૬૫ ફારમનો ગ્રંથ, સુંદર ટાઇપ, સુશોભિત બાઈંડીંગ. સચિત્ર તૈયાર થાય છે. આવતા માસમાં પ્રકટ થશે. વધારે હકીકત હવે પછી. કિંમત રૂા. ૨–૮–૦


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

ॐ

# શ્રી આત્માનન્દ પ્રકાશ.

जन्मनि कर्मक्लेशैरनुबद्धेऽस्मिंस्तथा प्रयतितव्यम् ।
कर्मक्लेशाभावो यथा भवत्येष परमार्थः ॥ १ ॥

" કર્મરૂપ કષ્ટથી વ્યાપ્ત એવા આ જન્મમાં એવો ( શુભ )
પ્રયત્ન કરવો કે જેના પરિણામે કર્મરૂપ કષ્ટ ( સદંતર )
વિનાશ પામે,–આ ( માનવજન્મનું ) રહસ્ય છે. "

**શ્રીમદ્ ઉમાસ્વાતિવાચક–તત્ત્વાર્થ ભાષ્ય.**

पुस्तक ३९] वीर सं. २४६४. चैत्र. आत्म सं. ४२. आ० श० वर्ष २ जुं [ अंक ९ मो.

न्यायांभोनिधि

## જૈનાચાર્ય શ્રીમદ્ આત્મારામજીનાં

સંસ્મરણો અને નમન

દોહરા.

શાલિવાહન ભૂપનું—આજે નૂતન વર્ષ,
ચૈત્રશુક્લ, એકમ અને, ભૃગુવાસર દિન હર્ષ. ૧
જેનો ભારત ભૂ વિષે, પ્રૌઢ પડ્યો પડછંદ,
તે શ્રી આત્મારામજી, સ્મરીએ ગાઇ છંદ. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ન્યાયાંભોનિધિ જૈનાચાર્ય શ્રીમદ્ વિજયાનંદ-
સૂરીશ્વરજી ( આત્મારામજી ) મહારાજ.

હરિગીત છંદ.

કોઇ અજબ વ્યક્તિ પ્રગટ થઈ શ્રી જૈનધર્મોદ્ધારણે,
હા ! ભવ્ય ભાનુ પ્રગટીયો અજ્ઞાન–તિમિરવિદારણે;
એ દિવ્ય તેજ વિલોકતાં મોહિત થયાં જનવૃંદજી,
એ વીરલ ભડનરને સ્મરી નમીએ શ્રી आत्मारामजी. ૧

કોઇ અડગ શૌર્યાન્વિત, એ પંજાબકેરો કેશરી,
સદ્‌ભાગ્યયોગે ગુર્જરે ફતેહમય ફાળો ભરી;
શું ઘંટનાદ સમાન ! ગહરી વાણીનો પડછંદજી,
કૈવલ્યપદ–કલ્યાણમય, નમીએ શ્રી आत्मारामजी. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અગણિત શાસ્ત્ર રચ્યાં, અને અગણિત ઉપદેશો કર્યાં,
સદ્ધર્મનાં સાચાં સ્વરૂપો જૈનસંઘ વિષે ધર્યાં;
કર્તવ્યનિષ્ઠ-અગાધબળ, કદીએ પડ્યાં નહીં મંદજી,
એ પૂજ્યપાદ કૃપાનિધિ નમીએ શ્રી आत्मारामजी. ૩

એ યોગબળ, એ તેજબળ, અતિ ભવ્યતામય ભાસતાં,
જડવાદીઓ—અજ્ઞાનીઓ–કે નાસ્તિકો ત્યાં ત્રાસતા;
અદ્ભુત સંયમિ ઇન્દ્રીઓ, રહી ઠેઠ સુધી અભંગજી,
સાક્ષાત્ ધર્મની મૂર્તિ એ, નમીએ શ્રી आत्मारामजी. ૪

જ્યાં જ્યાં પુનિત પગલાં ધર્યાં, ત્યાં ત્યાં બધો કાઢ્યો સડો,
નયનામૃતે—હૃદયામૃતે કીધો વિજય સૌથી વડો;
અણનમ રહી ઓપાવીયો, કરગ્રહિત ધાર્મિક દંડજી,
એ ન્યાયસાગરને સદા સ્મરીએ શ્રી आत्मारामजी. ૫

અવતારકૃત્ય પૂરું કર્યું, અદ્ભુત ચરિત્રો ધરી,
આ भावपूरની આ સભામાં આપ વસીયા છો ઠરી;
સ્મરતાં દીસે, સ્મરશે સદા, નરનારીકેરાં વૃંદજી,
મંગળ પ્રભાતે, નવીન વર્ષે, स्मरण आत्मारामजी. ૬

વસંતતિલકા વૃત્ત.

શ્રી આપ નામથકી અંકિત આ સભા છે,
પ્રત્યંગમાં પુનિત આપતણી પ્રભા છે;
આજે રૂડો દિવસ નૂતન ચૈત્રી વર્ષે,
વંદે સભા સકળ નમ્રપણે સહર્ષે.—૧

ભાવનગર.
ચૈત્રી વર્ષનો પ્રારંભ.
તા. ૧–૪–૩૮ ભૃગુ.

લી૦ ગુણગ્રાહક મધુકર
રેવાશંકર વાલજી બધેકા.
માજી એજ્યુ. ઇન્સ્પે. અને ધર્મોપદેશક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમ્યગ્ જ્ઞાનની કુંચી.

[ ગતાંક પૃષ્ઠ ૧૯૪ થી શરૂ ]

## આત્માના ધર્મવિમુખતાના સંભાવ્ય કારણો અને આત્માનું અધઃપતન.

( જૈનદૃષ્ટિએ )

' ઇષ્ટ અને અનિષ્ટ વસ્તુઓ ' એમ કહેવાથી વિશિષ્ટ રીતે કંઈ સૂચન નથી થતું. ઇષ્ટ વસ્તુ એટલે લાભદાયી કે ઉપયોગી વસ્તુ એમ કોઇ ખાસ વસ્તુ સાથે સંબંધને અનુલક્ષીને કહેવામાં આવે છે. અનિષ્ટ વસ્તુ એટલે અનુપયોગી અને ગેરલાભકારક વસ્તુ એમ આ જ રીતે કહેવાય છે. કોઇ વસ્તુની ઈષ્ટતા કે અનિષ્ટતા શરીર કે વ્યક્તિથી નિશ્ચિત થાય છે, આથી કાર્ય કરતી વસ્તુ લાભદાયી જણાય તો તે ઇષ્ટ કહેવાય છે; કાર્ય કરતી વસ્તુ ગેરલાભકારક જણાય તો તે અનિષ્ટ કહેવાય છે. શરીર કે વ્યક્તિના શેષ વિશ્વ સાથેના સંબંધનું જ્ઞાન તે ઇષ્ટ અને અનિષ્ટનું જ્ઞાન છે એમ કહી શકાય. સુખ-દુઃખનો ઇંદ્રિયોદ્વારા અનુભવ કરવો એ ઇષ્ટ-અનિષ્ટનું જ્ઞાન છે એમ કહીએ તો પણ ચાલે. મુંડક ઉપનિષદ્‌માં ઇષ્ટ અને અનિષ્ટનાં જ્ઞાનની આવશ્યકતાનો નિર્દેશ કર્યો છે. એમાં સ્પષ્ટ રીતે જણાવ્યું છે કે—

" મનુષ્યે બે જ્ઞાન તો અવશ્ય સંપાદન કરવાં જોઇએ. ઇશ્વરનું જ્ઞાન જે સર્વોચ્ચ છે અને સદ્‌ગુણ અને દુર્ગુણનાં કારણો અને પરિણામોનું જ્ઞાન મધ્યમ કોટિનું છે. એ બન્ને મનુષ્ય માટે ખાસ આવશ્યક છે. " ( શંકર )

બાઇબલ બુદ્ધિનો નિષેધ નથી જ કરતું. બુદ્ધિ ઇંદ્રિયોની લાલસામાં પ્રવૃત્ત થાય એનો જ બાઈબલ નિષેધ કરે છે. બુદ્ધિની શક્તિ એવી અપૂર્વ છે કે તેના સદુપયોગથી આત્માનું ઊર્ધ્વગમન થાય છે. પતિત મનુષ્યનો ઉદ્ધાર થાય છે. પતિત જનતા કલ્યાણને પંથે સંચરે છે.

જે મનુષ્યોએ પરમાત્મપદ પ્રાપ્ત કરવું હોય, અને શાશ્વત સુખનો અનુભવ કરવો હોય તેમણે ઇચ્છા-મન ઉપર સંપૂર્ણ સંયમ મેળવવાનો દૃઢ નિશ્ચય કરી લેવો જોઇએ. આત્માનાં અધઃપતનનાં સિદ્ધાન્ત ઉપરથી નિષ્પન્ન થતો આ બોધપાઠ ખાસ વિચારણીય છે. આત્મ-કલ્યાણના વાંચ્છુકોએ અહંતા, વિષયવિકાર આદિથી બુદ્ધિને પરાઙ્મુખ કરવી જોઇએ. આત્માનું જેથી વાસ્તવિક શ્રેય થાય એવી રીતે જ બુદ્ધિનો સદુપયોગ કરવો જોઇએ. શરીર એ આત્મા નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી સંઘપૂજાનો મહિમા.

શાસ્ત્રોમાં કહેલ છે કે રત્નોમાં જેમ ચિંતામણિ રત્ન અને વૃક્ષોમાં જેમ કલ્પતરુ અને દેવોમાં જેમ દેવાધિદેવ વીતરાગ પ્રભુ ઉત્તમ છે, તેમ સુપાત્રોમાં શ્રમણ સંઘ ઉત્તમ છે. જ્ઞાનાદિરૂપ સર્વ ગુણોના સમૂહરૂપી રત્નો સમાન એવા આ સંઘમાં જળના બિંદુની પેઠે નાંખેલું અલ્પ દ્રવ્ય પણ અક્ષય થાય છે.

આ સંઘરૂપી રત્નખાણુમાંથી પંચ પરમેષ્ઠિરૂપ અમૂલ્ય રત્નો ઉત્પન્ન થાય છે. તેથી આ સંઘ તીર્થંકરરૂપ છે, કારણ કે તેમને સર્વ તીર્થંકરો પણ નમસ્કાર કરે છે. એવા ઉત્તમ સંઘની વજ્રસ્વામીની પેઠે જે ઉન્નતિ કરે છે તે પ્રશંસનીય થાય છે.

પુત્રજન્મ તથા વિવાહાદિકના મંગળો તો ઘરે ઘરે હોય છે, પણ શ્રી સંઘની પૂજાદિકનું ઉત્તમ મંગળ તો ભાગ્યવાન પુરુષોને જ ઘેર હોય છે.

આ જગતમાં જે મનુષ્યના ઘરને સંઘે સ્પર્શ કરેલો છે તેના આંગણામાં

---

માટે શરીર ઉપરની સર્વ પ્રકારની મમતાનો ત્યાગ કરવો જોઇએ. સત્ય અને શાશ્વત આત્માનાં પરમ શ્રેયના માર્ગમાં જ પ્રવૃત્ત થવું જોઇએ.

મનુષ્યમાં કોઇ પણ પ્રાણી કરતાં વિશેષ શક્તિ છે. મનુષ્ય પોતાનાં ભાવિનો પ્રણેતા બની શકે છે. જો મનુષ્યમાં દુષ્ટ વાસનાઓનું પ્રાધાન્ય ન હોય તો મનુષ્ય ઉન્નતિને પંથે સંચરી શકે છે. મનુષ્યનો ઇચ્છા—મન ઉપર નિર્બંધ હોય તો મોક્ષના અભિલાષ પણ સેવી શકાય છે. દુર્વાસનાઓના વિનાશ અને માનસિક નિયંત્રણ વિના મોક્ષ—પ્રાપ્તિ શક્ય જ નથી.

સ્થૂલ શરીરનો વિનાશ થતાં મનુષ્યની ભૌતિક ચિંતાઓનો અંત આવે છે. મૃત્યુ બાદ આત્માનું અસ્તિત્વ ચાલુ રહે છે. આથી આધ્યાત્મિક શ્રેયનો પ્રશ્ન મનુષ્યને સૌથી વિશેષ મહત્ત્વનો છે. આત્મજ્ઞાન એ જ મનુષ્યને પરમ કલ્યાણકારી છે. આત્મજ્ઞાન પ્રાપ્ત કરી આધ્યાત્મિક શ્રેયની સાધના કરવી એ જ જીવનનું પરમ ધ્યેય છે. સર ઑલીવર લૉજે આત્મજ્ઞાનમાં મહત્ત્વના સંબંધમાં કહ્યું છે કે:—

"આત્મજ્ઞાનથી મનુષ્યમાં પોતાના ભાવીનું નિયંત્રણ કરવાની શક્તિ પ્રાપ્ત થાય છે." ( Life & matter )

—ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મનોહર સુવર્ણધારા પડેલી છે, અને ઉત્તમ મણિઓરૂપી નિધાન તે મનુષ્યના ઘરમાં દાખલ થયું છે તેમજ તેને ઘેર કલ્પવલ્લી ઊગેલી છે.

આવા હેતુથી વસ્તુપાળ મંત્રી દર વર્ષે ત્રણવાર સંઘની પૂજા કરતા હતા અને સંઘને ઘણા વસ્ત્રો આદિ સુપાત્રદાન આપેલ, છતાં પણ ચિંતવતા હતા કે શ્રી સંઘના ચરણકમળની રજની શ્રેણીઓથી મારા ઘરના આંગણાની હવે વળી ફરી કયારે પવિત્ર થશે ? આમ વિચારી ભાગ્યવાન પુરુષે પોતાની શક્તિ મુજબ શ્રી સંઘની પૂજા દર વર્ષે કરવી.

આ સંઘ ઉત્તમ ગુણોના સમૂહને કરનારો છે, તીર્થંકરોથી વંદાયેલ છે, હંમેશા શાસનની વૃદ્ધિનો હેતુ છે, ઉત્તમ મનુષ્યોને મુક્તિ આપનારો છે. તેવા સંઘનું ન્યાયથી ઉપાર્જન કરેલ દ્રવ્યવડે પુણ્યશાળી પુરુષે પૂજન કરેલું છે, તેણે સર્વ ફળ મેળવેલું છે.

આ સંઘની પૂજા વસ્ત્ર,પાત્ર, અલંકાર તથા તાંબૂલાદિકથી ચાર પ્રકારે થાય છે.

ન્યાયથી ઉપાર્જન કરેલ દ્રવ્યવડે નિર્મળ વસ્ત્રોથી સંઘની પૂજા જે ભાગ્યશાળી કરે છે તેના ઘરમાં લક્ષ્મી આવીને ચોક્કસપણે વસે છે.

ઘરના આંગણે સ્વામીભાઇ આવ્યા છતાં પણ તેના ઉપર જેને સ્નેહ થતો નથી, તેના સમ્યકૃત્વમાં સંદેહ છે એમ શાસ્ત્રોમાં કહેલ છે.

જે સંઘ સંસારથી વિરક્ત બુદ્ધિવાળો થઈ મોક્ષ માટે નિશદિન પ્રયત્ન કરે છે અને જેને પવિત્રપણાથી તીર્થરૂપ કહે છે અને વળી જે સંઘની પ્રખ્યાતિ છે, તથા જેનામાં તેવા ગુણો વસી રહ્યા છે તે સંઘની પૂજા કરવી. આચાર્ય, ઉપાધ્યાય, સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકારૂપ એવો સંઘ ક્રિયા, જ્ઞાન, દર્શન દાન, શીલ તથા તપાદિક વગેરેથી મુક્તિ માટે ઉદ્યમ કરે છે.

જૈન શાસનમાં શાંતિરૂપ, જીવોના કલ્યાણના માર્ગદર્શક, સંઘની વૃદ્ધિ કરવામાં પ્રયત્નવાન તેમજ જે જિનપ્રાસાદ, તીર્થયાત્રા, પદપ્રતિષ્ઠા, સ્વામીવાત્સલ્ય દાનશાળાઓ, જ્ઞાનદાન, સાતક્ષેત્રોમાંથી જે જે વખતે જે જે ક્ષેત્રો સીદાતાં હોય, અપૂર્ણ હોય તેને સમય વિચારી તે તે ક્ષેત્રોને ઉપદેશવડે પુષ્ટિ આપનાર–અપાવનાર, જીવદયાનો ઝંડો ફરકાવનાર કે જેનાથી અનેક માંગલિક કાર્યો થાય છે એવા મહાપ્રભાવક સંઘને વસ્તુપાળ મંત્રીની પેઠે સત્કારપૂર્વક યથાશક્તિએ પૂજવો.

વસ્તુપાળ મંત્રી, કુમારપાળ મહારાજા, જગતસિંહ શેઠ, વિમળશાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંત્રીશ્વર અને તેમની સ્ત્રી ખીમાબાઈ વગેરેએ સંઘપૂજા અપૂર્વ કરી છે. તે સંઘ પૂજનીય છે અને મોક્ષમાં લઇ જવાને જીવોને માંગલિક સાધન છે.

જે માણસ ભાવથી ભોજનવસ્ત્રાદિકથી સાધર્મી બંધુઓનું વાત્સલ્ય કરે છે તેનો જન્મ સફળ થાય છે.

જેણે દીન લોકોનો ઉદ્ધાર કર્યો નથી, અને જેણે સ્વામીવાત્સલ્ય કર્યું નથી તેણે મનુષ્યજન્મ ફોગટ ગુમાવ્યો છે.

તે સાધર્મી વાત્સલ્ય ભાવનાવશથી અનેક પ્રકારનું છે; જેમ પ્રતિઉપકારની ઇચ્છાથી મોટા ગૃહસ્થો–લક્ષ્મીવાનને ભોજન આપવું તે શાહ વાત્સલ્ય કહેવાય છે. દુર્જનાદિકને ભયથી ભોજન આપવું તે સાંડવાત્સલ્ય કહેવાય છે. માતપિતા તથા શ્વસુરાદિકપક્ષના સ્વજનોને પ્રીતિઆદિકની વૃદ્ધિ માટે જે ભોજનદાન દેવું તે સ્વજનવાત્સલ્ય કહેવાય છે. તે ત્રણે દાનોમાં ધર્મબુદ્ધિનો અભાવ હોવાથી તે દાનો નિરર્થક છે. પ્રતિઉપકારની ઇચ્છા વગર, કીર્તિની લાલસા સિવાય જ ફક્ત ધર્મબુદ્ધિથી પૈસાદાર કે ગરીબ એવા કોઇપણ સાધર્મી બંધુને ભેદ રાખ્યા વિના સન્માનપૂર્વક ઉદારચિત્તવડે જે દાન દેવું અને તેજ દાન મહાલાભકારી થાય છે.

ભરતચક્રીએ બારવ્રતધારી શ્રાવકોને, સંપ્રતિ રાજાએ ત્રણ ખંડ ભરતક્ષેત્રમાં દરેક ગામે સ્વામીવાત્સલ્ય કર્યું છે.

વઢવાણ શહેરનિવાસી રત્ન શ્રાવકે, સાત લાખ માણસો સહિત સંઘ લઈ શ્રી શત્રુંજય તીર્થે જતાં વસ્તુપાળ ત્યાં આવી પહોંચ્યા ત્યારે તે રત્ન શ્રાવકે તે સંઘને બહુ જ આદરમાનપૂર્વક ભોજન કરાવ્યું અને તે રત્ન શ્રાવકે પોતાની પાસેના દક્ષિણાવર્ત શંખ હતો જેણે સ્વપ્નમાં તેને કહેલ કે હવે હું વસ્તુપાળ પાસે જવાનો જેથી તેની સાત દિવસ પૂજા કરી અને તે વસ્તુપાળ મંત્રીને તે શંખ સોંપી દીધો.

મોક્ષરૂપી સ્ત્રી સાથે વરાવનારૂં, શ્રાવકધર્મની લક્ષ્મીના ઉત્તમ આભૂષણ સરખું અને જિનમતને સફળ કરનારૂં આ સાધર્મીવાત્સલ્ય છે. તે નાગપુર નગરના ધનાઢ્ય શ્રાવક પુનડ શ્રાવક, અને થારાપદ્ર નગરના શેઠ શ્રીમાળી વંશના આભુ શ્રાવકના દૃષ્ટાંતો મોજુદ છે.

સુરગિરિમાં જગસિંહ શાહે દ્રવ્ય આપીને પોતાના ત્રણસો સાઠ સાધર્મી ભાઈઓને પોતાના જેવા જ શાહુકાર–ધનપતિ બનાવ્યા હતા. આજે ઘણા લક્ષાધિપતિ–ક્રોડાધિપતિઓ, મોટા મોટા ધંધા કરનારા, લાખોની વાર્ષિક

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "સંસારમાં સ્વાર્થ સિવાય પ્રેમ કે સ્નેહ જેવી કોઈ વસ્તુ જ નથી"

લે:—શ્રી વિજયકસ્તુરસૂરિજી મહારાજ.

દુનિયાનો મોટો ભાગ એમ માને છે કે, અમુક મારો સ્નેહી છે, અમુકનો મારા ઉપર પુષ્કળ પ્રેમ છે; અથવા તો અમુક ઉપર મારો ઘણો જ સ્નેહ છે, પરંતુ સ્નેહ અને પ્રેમ જેને કહેવામાં આવે છે તે એક પ્રકારનો સ્વાર્થ છે.

સ્નેહ એટલે કોઇપણ પ્રકારના લોભથી ઉત્પન્ન થયેલી અશાંતિને શાંત કરવારૂપ સ્વાર્થને સાધવા માટે લાગણી, સહાનુભૂતિ, ચાહના આદિ જે કાંઇ ભાવો દેખાડવામાં આવે છે તેને અજ્ઞાત વર્ગ સ્નેહ કહે છે; પણ જ્ઞાનીઓ તો તેને એક પ્રકારનો સ્વાર્થ જ કહે છે; કારણ કે લાગણી આદિ ભાવો સ્વાર્થ સાધવાનાં ખાસ કારણો છે.

સંસારમાં મુખ્યત્વે કરીને ધનના લોભથી કરવામાં આવતી પ્રવૃત્તિને જ સ્વાર્થ કહેવામાં આવે છે; પરંતુ સ્વાર્થ અનેક પ્રકારનો હોય છે. કેવળ ધનના લોભમાં જ સ્વાર્થ સમાતો નથી, સ્વાર્થનું ક્ષેત્ર ઘણું જ વિશાળ છે. મનુષ્યોને જેટલા પ્રકારની ઇચ્છાઓ થાય છે તેટલા જ પ્રકારનો સ્વાર્થ હોય છે. મોટા પુરુષો કહી ગયા છે કે:—"પ્રયોજન સિવાય મંદ મનુષ્ય પણ પ્રવૃત્તિ કરતો નથી" પ્રયોજન, સ્વાર્થને કહેવામાં આવે છે, અને તે પોતાની બુદ્ધિ અનુસાર ઉત્પન્ન થયેલી વસ્તુ-ચાહનારૂપ ઇચ્છાને કહેવામાં આવે છે.

---

આવકવાળા હોવા છતાં પોતાના જેવા ગૃહસ્થ કે વેપારધંધાવાળા પોતાના સ્વામીભાઇઓને બનાવ્યાના દાખલા જેમ નથી, તેમ દીનદુઃખી સાધર્મી ભાઇઓને તેમના આજીવિકા વગેરેના દુઃખો કે બેકારી ટળાવ્યાના દાખલાઓ જણાતા નથી. ખરું સાધર્મીવાત્સલ્ય કયું છે? અને તે શી રીતે કરવાથી આત્મકલ્યાણ થાય? તે સમજી તે રીતે કરવાની જરૂર છે.

જાવડશાહ, ઉદાયન મંત્રી, બાહડ મંત્રી, પેથડશાહ, ઝાંઝણશાહ, જગડુશાહ તથા ભીમાશાહ આદિ પાંચમા આરાના ઉત્તમ મનુષ્યોએ જે સ્વામીવાત્સલ્ય કર્યું છે, તેના દૃષ્ટાંતો જાણી—વિચારી સર્વ માણસોએ યથાશક્તિ સ્વામી—સંઘવાત્સલ્ય કરી પોતાનો જન્મ સફળ કરવો. સં. ગાંધી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જગતમાં બે પ્રકારના પુરુષો હોય છે, એક તો જ્ઞાની અને બીજા અજ્ઞાની. આ બંને પ્રકારના પુરુષોમાંથી જે જ્ઞાની પુરુષો હોય છે, તેમની ઇચ્છાઓ અજ્ઞાની પુરુષોની ઇચ્છાઓ કરતાં સર્વથા ભિન્ન પ્રકારની હોવાથી તેમના સ્વાર્થની વ્યાખ્યા પણ જુદા જ પ્રકારની થાય છે.

જ્ઞાની પુરુષો "સ્વ એટલે આત્મા, તેનો અર્થ–પ્રયોજન પોતાના સ્વરૂપનું પ્રગટ કરવું, આત્માનો વિકાસ કરવો" આ પ્રમાણે સ્વાર્થની વ્યાખ્યા કરે છે. અને એટલા જ માટે જ્ઞાની પુરુષો પોતાના આત્માના વિકાસ માટે હંમેશાં જગતના સર્વ આત્માઓ ઉપર પ્રેમભાવ રાખીને કોઇને પણ દુઃખ આપતા નથી. સર્વ જીવોનું રક્ષણ કરે છે. કોઈપણ જીવનું જીવન તથા સુખ પોતાના ક્ષણિક સુખ માટે નષ્ટ કરતા નથી. જ્ઞાની પુરૂષોનો સ્વાર્થ આત્માના વિકાસ સિવાય બીજો કાંઇ પણ હોતો નથી. આ આત્માનો વિકાસ આત્માની ઓળખાણ થવાથી થાય છે. જેને આત્માની ઓળખાણ થયેલી હોય છે તે કદાપી ક્ષણિક આનંદ કે સુખને ચાહતો નથી, અને એટલા માટે જ તે ક્ષણિક સુખ તથા આનંદના ઉત્પાદક, જડ તથા જડના વિકારોથી હંમેશાં વિરક્ત રહે છે; કારણ કે જડ વસ્તુઓથી નિત્ય સુખ, નિત્ય આનંદ તથા નિત્ય જીવનરૂપ તેમનો સ્વાર્થ સિદ્ધ થઇ શકતો નથી. તેમના સ્વાર્થનું સાધક જીવમાત્રની દયા તથા તેનું સંરક્ષણ હોવાથી તેમનો રાગ આત્માઓ ઉપર જ હોય છે; અને આત્માઓ ઉપર રાગ–સ્નેહ જ્ઞાની પુરુષો પોતાના સ્વાર્થને માટે જ કરે છે. આ સ્વાર્થ સાચા સ્વાર્થના નામથી ઓળખાય છે. કે જેને દુનિયા પરમાર્થ કહીને બોલાવે છે. જ્યારે તેમનો સ્વાર્થ સિદ્ધ થઇ જાય છે પછી તેમને કોઇના ઉપર રાગ–સ્નેહ રહેતો નથી, તેમજ દ્વેષ પણ રહેતો નથી, અર્થાત્ તેઓ વીતરાગદશા પ્રાપ્ત કરે છે.

સંસારમાં જેટલા જ્ઞાની–મહાપુરુષો થઇ ગયા છે તે સઘળાય સાચા સ્વાર્થી હતા. તેઓ જેટલી પ્રવૃત્તિ કરતા તે આત્માનો વિકાસ કરી પરમાત્મપદ મેળવવારૂપ સ્વાર્થને માટે જ કરતા. અત્યારે પણ જેઓ નિઃસ્વાર્થે સેવા કરવાવાળા, પરોપકારી તરીકે ઓળખાય છે, તેઓ પણ સ્વાર્થી અને સ્વોપકારી જ છે; કારણ કે સ્વાર્થશૂન્ય તેમજ પોતાના ઉપર ઉપકારની ધારણા સિવાય પ્રવૃત્તિ થઇ શકતી જ નથી. પરોપકારી તથા સેવાભાવી જે કાંઈ પરોપકાર કે સેવા કરે છે, તેનું કાંઇ ન કાંઇ પ્રયોજન તો હોવું જ જોઇયે, કાંઈ ન કાંઇ ઉદ્દેશ તો હોવો જ જોઇયે; જે પ્રયોજન તથા ઉદ્દેશને અનુસરીને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ પ્રવૃત્તિ કરે છે તે પ્રયોજન તથા ઉદ્દેશ, સામેના માણસ પાસેથી ઐહિક સુખનો સાધક બદલો મેળવવાનો કદાચ ન પણ હોય, તો પણ બીજા ઘણા પ્રકારના આલોક તથા પરલોક સંબંધી પ્રયોજનો હોય છે. જેમકે:– કોઈને આ ઘણો જ પરોપકારી છે, ઘણો જ દયાળુ છે, ઘણો જ સેવાભાવી છે ઇત્યાદિ દુનિયામાં પ્રસિદ્ધિ મેળવવાનું પ્રયોજન હોય છે; તો કોઈને આ ઘણો જ ધર્માત્મા છે, આ ભગત માણસ છે એમ કહેવડાવવાનું પ્રયોજન હોય છે; અથવા તો એવી ધારણા હોય છે કે આપણે દુઃખી જીવો ઉપર દયા કરી તેનું દુઃખ દૂર કરીશું તો આપણને ધર્મ થશે, પૂન્ય લાગશે, આપણી સારી ગતિ થશે, આપણે પરલોકમાં સુખી થઈશું, પરમાત્મા આપણા ઉપર પ્રસન્ન થશે ઇત્યાદિ અનેક પ્રકારના આલોક તથા પરલોક સંબંધી પ્રયોજનો–સ્વાર્થો અવશ્ય હોય જ છે; પરંતુ પ્રયોજન–સ્વાર્થ સિવાય તો પરોપકાર કે સેવા થઇ શક્તી જ નથી.

જેને પરમાર્થ કહેવામાં આવે છે, તે સાચા સ્વાર્થને કહેવામાં આવે છે; માટે પરમાર્થ પણ સ્વાર્થથી જુદો પડી શકતો નથી. આત્મશ્રેય, આત્મવિકાસ કે પુન્યને લક્ષ્યમાં રાખીને મનુષ્યો ઉપર તથા અન્ય પ્રાણીઓ ઉપર સ્નેહભાવ રાખવામાં આવે છે અને તેમના હિત, શ્રેય તથા સુખને માટે જે કાંઇ પ્રવૃત્તિ કરવામાં આવે છે તે પારમાર્થિક પ્રવૃત્તિ કહેવાય છે. અને દેહને લક્ષ્યમાં રાખીને, દેહની પુષ્ટિ માટે, વિષયસુખ માટે તથા બીજા પણ ક્ષણિક સુખ તથા આનંદ માટે સંસારમાં જે કાંઈ પ્રવૃત્તિઓ કરવામાં આવે છે તે સ્વાર્થ કહેવાય છે. સાચો સ્વાર્થ–પરમાર્થ તથા ખોટો સ્વાર્થ આ બેમાં તફાવત એટલો જ હોય છે કે સાચો સ્વાર્થ પરલોક તથા આલોક બંને લોકમાં સાચું સુખ તથા સાચો આનંદ આપે છે, ત્યારે ખોટો સ્વાર્થ કેવળ આલોકમાં જ ક્ષણિક આનંદ તથા સુખ આપે છે. તેમજ ખોટા સ્વાર્થમાં માયા, પ્રપંચ, કપટ, અનીતિ તથા અસત્યનો આશ્રય લેવો પડે છે, ત્યારે સાચા સ્વાર્થમાં માયા, પ્રપંચ આદિની આવશ્યકતા રહેતી નથી.

માતાપિતા પુત્ર ઉપર પ્રેમભાવ દેખાડે છે, તેની તન–મન–ધનથી સેવા કરે છે, તે કાંઇ એવા ઉદ્દેશથી નથી કરતા કે અમને પુન્ય થશે, અમારી સારી ગતિ થશે, અમારૂં આત્મશ્રેય કે આત્મવિકાસ થશે; પરંતુ તેઓ એવી ભાવનાથી પુત્રની સેવા કરે છે કે અમારો પુત્ર મોટો થશે એટલે અમારી સેવા–ચાકરી કરશે, વૃદ્ધાવસ્થામાં અમારું પાલન–પોષણ કરશે. સ્ત્રીનો પતિ ઉપર પ્રેમ કામવાસના, પુત્રપ્રાપ્તિ તથા સુખના સાધનો મેળવવા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. પતિનો સ્ત્રી ઉપર પ્રેમ કામવાસના, પુત્ર-પ્રાપ્તિ તથા ગૃહસ્થાશ્રમ સાચવવા માટે હોય છે. આજ પ્રમાણે બીજા પણ સગાં-સંબંધીઓનો પ્રેમભાવ કોઇનો આજીવિકા માટે, તો કોઇનો ધનપ્રાપ્તિ માટે ઇત્યાદિ અનેક પ્રકારના સ્વાર્થને લક્ષ્યમાં રાખીને હોય છે. એક બીજાના સાથે મિત્રતા કરવામાં આવે છે, તે પણ સ્વાર્થ સિવાય થઇ શકતી નથી. કોઈ આનંદ મેળવવા માટે, તો કોઇ દુઃખ વખત મદદગાર થવા માટે તો કોઇ મોજશોખ ખાતર, તો કોઈ ધનપ્રાપ્તિ કે એવા બીજા કોઈ સ્વાર્થને માટે મિત્રતા કરે છે.

સાચો સ્વાર્થ—પરમાર્થના સાધક મનુષ્યો જ્યારે પોતાનો સ્વાર્થ પૂરો થાય છે ત્યારે બીજાના માટે કોઇપણ પ્રકારની પ્રવૃત્તિ કરતા નથી, તેઓ સંસારના સજીવ તથા નિર્જીવ પદાર્થોને ચાહતા નથી. આવી કૃતકૃત્ય દશાને પ્રાપ્ત થયેલા પુરુષો દુનિયામાં વીતરાગ તરીકે ઓળખાય છે. એમની ઉત્તમ પ્રકારની, આત્મવિકાસ સંબંધીની સર્વ ઇચ્છાઓ પૂર્ણ થઇ જાય છે. એમનું દેહાશ્રિતપણું સર્વથા નષ્ટ થવાવાળું હોવાથી દેહદ્વારા કરવામાં આવતી ક્રિયાઓ લય પામી જાય છે.

સાચો સ્વાર્થ સિદ્ધ થયા પછી ઉદાસીનવૃત્તિને ધારણ કરવાવાળા નિર્વૃત્તિને પામેલા ઉત્તમ પુરુષોની કોટીમાં ગણાય છે, ત્યારે ક્ષણિક સુખ તથા ક્ષણિક આનંદની ચાહનારૂપ સ્વાર્થ સિદ્ધ થયા પછી નિર્વૃત્તિ મેળવી ઉદાસ રહેવાવાળા અધમ પુરુષોની કોટીમાં ગણાય છે. એમની નિર્વૃત્તિ તથા ઉદાસી ક્ષણિક હોય છે. એમનો સ્વાર્થ સિદ્ધ થયા છતાં તુચ્છ તથા ક્ષુદ્ર વાસનાઓથી વાસિત હોવાથી અનેક પ્રકારની ઇચ્છાઓથી ઘેરાયલા જ રહે છે. માટે જ પરમાર્થ સાધીને નિત્ય નિવૃત્તિને પામેલા પુરુષો પૂજાય છે, ત્યારે જડાત્મક સુખ સાધીને ક્ષણિક નિવૃત્તિ પામેલા નિંદાય છે.

તીર્થંકરો પોતાના તીર્થંકરનામકર્મના ક્ષયરૂપ સ્વાર્થ સાધવાને માટે પોતે ઉપદેશ આપે છે. કેવળીઓ બીજાનું હિત કરવું પોતાના કોઇપણ પ્રકારના કર્મની નિર્જરામાં નિમિત્ત કારણ બનતું હોય, તો જ તેઓ બીજાનું હિત કરે છે. એમને પુન્ય બાંધવા માટે કે ક્ષણિક આનંદ તથા સુખ માટે પ્રવૃત્તિ કરવાનું હોતું નથી. સંસારમાં રહેવાવાળાને આત્મવિકાસનાં સારાં સાધનો મેળવવા માટે અથવા તો ક્ષણિક સુખ અને આનંદ માટે પુન્ય ઉપાર્જન કરવા શુભ પ્રવૃત્તિ કરવાની આવશ્યકતા રહે છે. કેવળીઓને આ બેમાંથી એક પણ વસ્તુની જરૂરત હોતી નથી. તેઓ સંસારસમુદ્રના કાંઠે પહોંચી ગયેલા હોય છે.

સંસારમાં કેટલાક મનુષ્યો રાગ-દ્વેષના કારણો હોવા છતાં બહારથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીતરાગ જેવા લાગે છે; અને કોઈ કોઈ તો રાગ–દ્વેષનાં કારણો સર્વથા નાશ પામવાથી સાચા વીતરાગપદને પામેલા હોય છે. આ બંને પ્રકારના મનુષ્યોમાંથી જેઓ વીતરાગ નથી, પણ બાહ્યવૃત્તિથી વીતરાગ જેવા લાગતા, ક્ષુદ્ર સ્વાર્થ સાધવા વીતરાગ જેવો આડંબર કરનારાઓ, જે વસ્તુથી–પછી તે સજીવ હો અથવા નિર્જીવ હો–પોતાને લાભ કે નુકશાન ન થતું હોય તો તે વસ્તુઓના ઉપર તેમનો રાગ પણ નથી હોતો, તેમજ દ્વેષ પણ નથી હોતો; પરંતુ જેનાથી તેમને લાભ કે નુકશાન થતું હોય તો તેઓ રાગ–દ્વેષને આધીન થઈને અન્યનું અહિત કરવાવાળી તથા અનિષ્ટ કરવાવાળી પ્રવૃત્તિઓમાં ઉતરી પડે છે. તોપણ તેઓ બહારનો ડોળ તો વીતરાગ જેવો જ રાખે છે. જેઓ સાચા વીતરાગ છે, જેમના મિથ્યાત્વ, અજ્ઞાન, કષાય આદિ રાગ–દ્વેષના ઉત્પાદક દોષો સર્વથા નાશ થઈ ગયેલા હોય છે, તેમને કોઈ પણ વસ્તુથી લાભ કે નુકશાન થાય તો પણ તેઓ લેશ માત્ર પણ રાગ-દ્વેષ કરવા પ્રેરાતા નથી. તેમનો આત્મવિકાસ થયેલો હોય છે, તેમને સાચો સમભાવ પ્રગટ થયેલો હોય છે. આવા સમભાવી પુરુષો સર્વથા સ્વાર્થશૂન્ય હોવાથી જ તેમનો સ્નેહ સંસારની કોઈ પણ વસ્તુ ઉપર હોતો નથી. બાકીના મનુષ્યો જ્યાં સુધી કેવળી થઈ સાચા વીતરાગ બનતા નથી ત્યાં સુધી અનેક પ્રકારનો સ્વાર્થ સાધવા તેમને સ્વાર્થ પૂરતો પણ સ્નેહ રાખવો પડે છે. સર્વ-મુક્તિ પ્રાપ્ત કર્યા પછી જ જીવોની સ્વાર્થવૃત્તિઓ નાશ પામે છે. જ્યાં સુધી સર્વ કર્મોના આવરણોથી આત્મા ઘેરાયલો રહે છે ત્યાં સુધી તો કોઈ ને કોઈ પ્રકારનો સ્વાર્થ તો રહેવાનો જ, પછી તે સાચા સ્વાર્થરૂપી પરમાર્થ હો અથવા પરમાર્થશૂન્ય મિથ્યા સ્વાર્થ હો, પણ સર્વથા સ્વાર્થશૂન્યતા તો હોતી નથી.

મિથ્યા સ્વાર્થી જડાસકત હોય છે અને તેના અંગે તેમનો જડ વસ્તુઓ ઉપર રાગ વધારે હોય છે. ચૈતન્ય ઉપર જે તેમનો સ્નેહભાવ જોવામાં આવે છે તે કેવળ ચૈતન્ય સાથે સંબંધ ધરાવનાર જડમય સ્થૂળ દેહ માટે જ હોય છે; કારણ કે પોતે જડ ભોકતા હોવાથી સરસ–સુંદર વર્ણ, ગંધ, રસ, શબ્દને સ્પર્શવાળા દેહનીજ ચાહનાવાળા હોય છે. જોવાના, ચાખવાના, સાંભળવાનાને સ્પર્શ કરવાના લોભી હોય છે, અને સાચા સ્વાર્થીઓ પરમાર્થ માટેજ પ્રવૃત્તિ કરનારાઓનો સ્નેહભાવ આત્માઓ ઉપર હોય છે; કારણ કે તેમનું આત્મ-શ્રેય આત્માઓ ઉપર સ્નેહભાવ રાખવાથી થાય છે.

જ્યાં સુધી મનુષ્યને સાચું જ્ઞાન હોતું નથી ત્યાં સુધી પરમાર્થ માટે પ્રવૃત્તિ કરી શકતા નથી. ક્ષણિક સુખ તથા આનંદના માટે મીથ્યા વસ્તુઓની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાહના રાખ્યા કરે છે. જડ વસ્તુઓ ઉપર પ્રેમભાવ રાખીને તેને જ મેળવવા મથ્યા કરે છે. જ્યારે તેમને સાચું-યથાર્થ જ્ઞાન થાય છે ત્યારે પરમાર્થ આત્મશ્રેય-આત્મવિકાસ અથવા પુન્યબંધ માટે પ્રવૃત્તિ કરે છે તેમનો સ્વાર્થ જ આત્મોન્નતિ હોય છે અને એટલા માટેજ તેમનો સ્વાર્થ ઉચ્ચતમ હોવાથી તેમનો સ્નેહ પણ પવિત્ર હોય છે. અજ્ઞાનીયોનો સ્વાર્થ તુચ્છ તથા અધમ હોવાથી તેમનો સ્નેહભાવ, તુચ્છ તથા અધમ હોય છે માયા, પ્રપંચ અસત્ય તથા અનીતિ ગર્ભિત હોય છે.

ઉપર કહ્યા પ્રમાણે વિચાર કરવાથી સંસારમાં કોઇપણ તે પછી ઉત્તમ પુરૂષ હો કે અધમ પુરૂષ હો, પ્રાણીમાત્ર સ્વાર્થશૂન્ય તો નથીજ. જ્યાં પ્રયોજન છે ત્યાં પ્રવૃત્તિ છે; ને જ્યાં પ્રવૃત્તિ છે ત્યાં પ્રયોજન છે. મોહનો નાશ કરી વીતરાગદશા પ્રાપ્ત કર્યા સિવાય નિરેચ્છકદશા આવતી નથી. જ્યાં નિરેચ્છકતા નથી ત્યાં નિઃસ્વાર્થતા હોઇ શકે જ નહી. મોહના વશ પડેલો સંસારી હિતાહિતનું ભાન રાખ્યા વગર વિવિધ પ્રકારના પદાર્થોને જોઇને વિવિધ પ્રકારની ચાહનાપૂર્વક પોતાને સુખ મળશે, આનંદ મળશે એમ માનીને તુચ્છ-અસાર પદાર્થોને મેળવવા કૃત્રિમ-ખોટો સ્નેહભાવ દેખાડી રહ્યો છે. જેની ખોટાઇ પોતાનો સ્વાર્થ પૂરો થયા પછી ફીકો-ઝાંખો પડી જવાથી સ્પષ્ટ જણાઈ આવે છે

સ્નેહ, રાગ અને પ્રેમ એક જ પ્રકારના ભાવોને ઓળખાવનાર નામો છે. આ સર્વની ઉત્પત્તિનું મૂળ એક જ છે; અને તે મોહ છે. મોહ મૂળ છે. રાગ થડ છે. અને કામરાગ, સ્નેહરાગ, દષ્ટિરાગ આદિ જે જે ભાવોથી હૃદય રંગાઇ જાય છે તે સઘળાં ડાળાં છે. મોહરૂપી મૂળ સુકાઈ જવાથી થડ તથા ડાળાં સઘળું ય સુકાઇ જાય છે. પછી તેની ગંધ પણ આત્મામાં હોતી નથી, કારણ કે રાગ તથા સ્નેહ કાંઇ આત્માના ધર્મ નથી, પણ આત્માના ઉપર આડાં આવી ગયેલા જડનો જ પડછાયો છે. સ્ફટિક રત્નનો તો શુદ્ધ શ્વેત પ્રકાશ હોય છે; પરંતુ જ્યારે શ્યામ વસ્ત્ર આડું આવી જાય છે ત્યારે શ્યામ-કાળી આભા સ્ફટિકની દેખાય છે, તેથી કાંઇ સ્ફટિક કાળું હોયું નથી.

આત્માનું રંગાવું મોહ-કર્મરૂપી જડ વસ્તુથી થાય છે. જેમ ધોળું વસ્ત્ર હોય ને તેને લાલ, પીળું, કાળું બનાવવા વસ્ત્રથી ભિન્ન રંગ ચઢાવવો પડે છે પણ વસ્ત્ર પોતે પોતાના સ્વરૂપે રંગાતું નથી તેમ આત્મા પોતાના સ્વરૂપથી રંગાતો નથી, પણ પર-જડ વસ્તુથી રંગાય છે. રંગ ઉતરી ગયા પછી પાછું પોતાનું સ્વરૂપ પ્રગટ થાય છે તેમાં રંગનો અંશમાત્ર પણ રહેતો નથી.

આ પ્રમાણે રંગ ચઢી જવાથી આત્માનું મૂળ સ્વરૂપ ઢંકાઈ જાય છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને તે પરસ્વરૂપે ઓળખાય છે. જેમકે–ક્રોધી, માની, લોભી, મનુષ્ય, પશુ, પક્ષી વિગેરે વિગેરે. આ સઘળાય રૂપો કર્મરૂપી જડના આકારો છે. બાકી આત્મામાં તો કોઇ પણ પ્રકારનો આકાર નથી, તે તો એક જ સ્વરૂપે રહેનારો છે. લાલ પીળું કે કાળું વસ્ત્ર દેખાય છે તે રંગના વિકારો છે; પણ વસ્ત્રના નથી. વસ્ત્ર તો ધોળું જ છે. આ પ્રમાણે રાગ વસ્તુસ્વરૂપ બગાડનાર–વિકૃત કરનાર હોવા છતાં તેને સારો–પ્રશસ્ત પણ માનવામાં આવે છે. એક રાગ એવા પ્રકારનો છે, કે જે વસ્તુના સ્વરૂપને પ્રગટ કરવામાં સહાયક છે, અને એક રાગ એવો છે કે જે આત્માના સ્વરૂપને બગાડવામાં મદદ કરે છે. આ બંને પ્રકારના રાગોની ઉત્પત્તિ તો મોહથી જ થાય છે. અને મોહ કનિષ્ઠમાં કનિષ્ઠ વસ્તુ છે, પણ તેનાથી ઉત્પન્ન થયેલા રાગોમાં તફાવત છે. ઉત્પત્તિ સ્થળ એક જ પ્રકારનું હોવા છતાં ઉત્પન્ન થયેલી વસ્તુઓમાં તફાવત થઇ શકે છે. મનુષ્યની ઉત્પત્તિ એક જ પ્રકારના સ્થળથી થયેલી હોય છે છતાં, એક મનુષ્ય ઉત્તમ કહેવાય છે ને એક અધમ કહેવાય છે. આ તફાવત સગા ભાઇયોમાં પણ જોવામાં આવે છે. જે રાગને પ્રશસ્ત–સારો કહેવામાં આવે છે તે આત્મવિકાસને લક્ષ્યમાં રાખી આત્મવિકાસી મહાપુરુષોના પ્રતિ કરવામાં આવે છે. અથવા પુન્યબંધ માટે જગતના જીવોનું હિત કરવા, તેમને સુખી કરવા કરાય છે. આ પ્રશસ્ત રાગ પણ સ્વાર્થ માટે જ છે, માટે તે સ્વાર્થ છે. મોહથી જે કાંઇ આત્મામાં વિકૃતિ થઇ ને પ્રવૃત્તિ થાય છે તે સઘળાંય સ્વાર્થના અંગ છે.

અપ્રશસ્ત રાગ જડને લક્ષ્યમાં રાખીને કરવામાં આવે છે. જે રાગથી આત્માનું સ્વરૂપ વધારે મેલું થતું હોય તે રાગને અપ્રશસ્ત–ખરાબ રાગ કહેવામાં આવે છે. સંસારમાં અપ્રશસ્ત રાગવાળા ઘણા જીવો હોય છે. અર્થાત્ ક્ષુદ્ર–તુચ્છ સ્વાર્થ સાધવાવાળા ઘણા હોય છે. આ તુચ્છ સ્વાર્થ પણ ઘણા પ્રકારનો હોય છે. તેનું મૂળ જોઇએ તો આનંદ તથા સુખ છે કેટલાક તુચ્છ સ્વાર્થનો સુખમાં સમાવેશ થાય છે તો કેટલાકનો આનંદમાં સમાવેશ થાય છે. અજ્ઞાની જીવોની પ્રવૃત્તિનો હેતુ ક્ષણિક સુખ તથા ક્ષણિક આનંદ સિવાય બીજો કાંઇ પણ હોતો નથી.

સુખ તથા આનંદ દેખીતાં તો સરખાં લાગે છે, બંનેમાં કાંઇ પણ ફેરફાર જણાતો નથી; પણ તાત્વિક દૃષ્ટિથી તપાસીએ તો બંને વસ્તુઓ જુદી છે. સુખ જેને કહેવામાં આવે છે તે શાતવેદનીય નામના કર્મથી થાય છે ત્યારે આનંદ રતિમોહનીય નામના કર્મથી થાય છે. જ્યાં સાતા હોય છે ત્યાં આનંદ હોય છે, પણ જ્યાં આનંદ હોય છે ત્યાં સાતા હોય છે પણ ખરી અને નથી પણ હોતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વીરજયંતિ પ્રસંગે સહૃદય જનોનાં હિતાર્થે.

( સંગ્રાહક, સદ્. શ્રી કર્પૂરવિજયજી મહારાજ. )

મહાવીરનું પ્રવચન વિશ્વગામી, વિશ્વોપયોગી અને વિશ્વકલ્યાણસાધક છે, એમ તટસ્થ જોનાર કોઇ પણ વિચારક કહી શકશે. તેનું તત્ત્વજ્ઞાન એટલું બધું ગંભીર અને ગહન છે કે જે દુનિયાના મ્હોટા ભાગને નવીન જેવું લાગે. કર્મના સિદ્ધાન્તોના વિષયમાં તેનું વિવેચન એટલું બધું બારીક અને વિસ્તૃત છે કે–જગતના મ્હોટા મ્હોટા તત્ત્વજ્ઞાનીઓને પણ વિસ્મયાવહ થઇ પડે. એ વીતરાગની પ્રવચનધારામાં જે વીતરાગભાવો ભર્યા છે તે મહાન આકર્ષક છે અને તેનાથી રાગાદિ મલક્ષાલનનું કામ વિશિષ્ટરૂપે સધાય એ સ્વાભાવિક છે.

---

એક માણસ ઘણા જ રોગથી પીડિત હોય તેની શાંતિના માટે તેના આગળ ફોનોગ્રાફ વગાડવામાં આવે અથવા હારમોનિયમ વગાડી ગાયન ગાવામાં આવે તો તેને કાંઇક આનંદ તો આવે છે, પણ સુખ હોતું નથી. તેવી જ રીતે કોઇ માણસને કોઇ પ્રકારની આધિવ્યાધિ ન હોય અને આનંદના માટે ફોનોગ્રાફ કે એવી બીજી કોઇ પણ આનંદ આપનારી વસ્તુનો ઉપયોગ કરે તો તેને સાતા તથા આનંદ બન્ને હોય છે. જેની આર્થિક સ્થિતિ તથા શારીરિક સ્થિતિ બંને સારાં હોય તો તેને સુખ તથા આનંદ બંને હોય છે. આ પ્રમાણે સુખ તથા આનંદના માટે જીવો સંસારમાં રહેલા ચૈતન્ય તથા જડ પદાર્થો ઉપર સ્નેહભાવ તથા પ્રેમભાવ રાખે છે. જે વસ્તુઓથી સુખ તથા આનંદની પ્રાપ્તિ ન થતી હોય તેવા પદાર્થો ઉપર ઉદાસભાવે ઉપેક્ષાભાવે રહે છે. તેવી વસ્તુઓ ઉપર તેમનો પ્રેમભાવ કે અપ્રેમભાવ હોતો નથી. તેથી કરી તેઓ કાંઇ વીતરાગ કે સમભાવી કહેવાતા નથી.

સંસારમાં કોઇને કોઇની સૌંદર્યતા જ જોઈ આનંદ મેળવવાનો સ્વાર્થ હોય છે, તો કોઇને કોઈનાં મધુર કંઠથી ગાયેલાં ગીતો જ સાંભળવામાં આનંદ આવે છે, અને ગીત ગાનારને તથા સુંદર આકૃતિવાળાને ચહાય છે, કોઇને કોઇના દેહની સુંદરતા ગમવાથી તેમાં વિષયાસકત થઇને તેને ચહાય છે. તો કોઇ કોઇને જોવા માત્રથીજ આનંદ મળતો હોવાથી તે તેને ચહાય છે, તાત્પર્ય કે અનેક પ્રકારના સુખ તથા આનંદ સ્વાર્થના માટે એક મનુષ્ય બીજા મનુષ્યની ચાહના રાખી સ્નેહભાવ દેખાડે છે. ચાલુ—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**સામ્યવર્ગ.**

મહાવીર વેષ સામ્યવાદને વખોડી કાઢે છે. સામ્યવાદ એ તેનો પ્રધાન સિદ્ધાંત છે. તેનું સ્પષ્ટ ફરમાન છે કે દુનિયાનો કોઈ પણ માણસ તેના શાસન-ક્ષેત્રમાં પ્રવેશ કરી શકે, તેનું શાસનજાતિભેદથી નિયંત્રિત નથી. ગમે તે જાતિ ગમે તે વર્ણ અને ગમે તે દેશનો માણસ તેનો અનુયાયી થઈ શકે. ચંડાળો, અન્ત્યજો પણ તેના અનુયાયી છે. મોક્ષ ચંડાળો અને અન્ત્યજોને માટે પણ તેટલો જ ઉઘાડો છે જેટલો કે વાણીયા, બ્રાહ્મણો અને ક્ષત્રિયોને માટે ઉઘાડો છે. મહાવીર પ્રવચનના અધિકારી ચંડાળો અને અન્ત્યજો પણ તેટલે દરજ્જે છે કે જેટલે દરજ્જે વાણીયા, બ્રાહ્મણો, ક્ષત્રિયો છે. સમ્યકૃત્વ, શ્રાવક-ધર્મ, સાધુધર્મ અને શ્રેણી અવસ્થા જેમ વાણીયા બ્રાહ્મણો, ક્ષત્રિયો પામી શકે તેમ અંત્યજો અને ચંડાળો પણ પામી શકે. તેની વ્યાખ્યાન પરિષદમાં બધાને સ્થાન છે. મહાવીરની આ સામ્યદૃષ્ટિ છે. આ તેનો સામ્યવાદ છે. આ તેના શાસનની પ્રાણશક્તિ છે. તેના લક્ષાવધિ વ્રતધારી શ્રાવકોમાં ઉત્કૃષ્ટ ગણાતા દસ શ્રાવકો પણ કણબી, કુંભાર જેવી વર્ણના છે–

**અહિંસા.**

અહિંસા એ સામ્યવાદનું સર્વસ્વ છે. મહાવીર અહિંસાની દેદિપ્યમાન મૂર્ત્તિ છે. અહિંસાધર્મના પ્રચારકોમાં મહાવીર સહુથી પુરોગામી છે. મહાવી-રની અહિંસા વીરત્વપૂર્ણ છે અને તેનું સ્પષ્ટીકરણ અત્રે અસ્થાને નથી. ખાસ કરીને દેશની વર્તમાન ગંભીર સ્થિતિ મને સ્પષ્ટ લખવા પ્રેરે છે.

વાસ્તવમાં જે બળવાન અને બહાદુર હોય, યોદ્ધા અને બોદ્ધા હોય તે અહિંસા ધર્મનું પાલન બહુ સરસ રીતે કરી શકે. મહાવીરના શાસનમાં ગૃહસ્થોને માટે અહિંસાનું ક્ષેત્ર નિરપરાધી સ્થૂળ (ત્રસ) જીવોને જાણી જોઈને ન મારૂં એટલા પ્રમાણનું છે. આ નિયમ પ્રમાણે અપરાધીને ઉચિત શિક્ષા યા સજા આપવી એ ગૃહસ્થની નીતિરીતિને જૈનશાસ્ત્ર નિષેધતું નથી. ખરી દયા શૂરવીર જ બજાવી શકે. જે નબળો અને શકિતહીન હોય તે પોતાની આંખો સામે મરાતા જાનવરો યા માણસોને રોતડ મોઢે ઊભો ઊભો ટગ ટગ જોયા કરશે. તેનાથી બીજું શું વળવાનું? પણ જો તે સ્થળે વીર યોદ્ધો હશે તો તે પોતાના બાહુબળથી અથવા શસ્ત્રોથી તે ઘાતકીઓને હંફાવીને તે જાનવરોને યા માણસોને બચાવી લેશે. આ ઉપરથી સાફ જોઈ શકાય છે કે દયા–ધર્મ બજાવવા માટે વીરતાની, શૂરતાની, યુદ્ધપ્રવીણતાની અને બહાદુરીની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કેટલી અગત્ય છે. પોતાના ઘર ઉપર ગુંડાઓનો હુમલો થતાં યા પોતાની સ્ત્રી ઉપર બદમાશો કૂદી પડતાં પોતે જો માયકાંગલો હશે તો ડરીને આઘો ખસી જશે અને પોતાના ઘરને અને પોતાની સ્ત્રીને બદમાશોનો ભોગ થવા દેશે. જેઓ બળવાન અને વીર યોદ્ધા હોય, તેઓ જ દેશ ઉપર હુમલો કરવા દોડી આવતા હુલ્લડખોરોને મારી ભગાવશે અને તેઓ જ ધર્મ ઉપર ત્રાપ મારતા વિધર્મીઓને હાંકી કાઢશે. તેઓ જ તીર્થરક્ષા કરી શકશે. તેઓ જ ધર્મરક્ષા કરશે અને તેઓ જ ઉન્નત મસ્તકે સંસારની સપાટી ઉપર નિર્ભયતા અને સ્વાધીનતાપૂર્વક વિચારણા કરી શકશે. માયકાંગલાઓના કપાલમાં તો ગુલામી સિવાય બીજું શું નિર્માયેલું હોય? તેઓ પોતાનાં ધર્મસ્થાનોમાં ગમે તેવી ધર્મકરણીઓ કરે અને ભજનીયાં ગાય અને ગમે તેટલા આડંબર-પૂર્ણ ઉત્સવ-મહોત્સવો કરે પણ તે લોકો આખર ગુલામ જ છે. અને એઓ ખુશામદ યા ચાલાકી યા અર્થબળ ઉપર ભલે જીવતાં

પદાર્થો-સંસારના હેતુભૂત હોય તે જ પદાર્થો મોક્ષના હેતુભૂત થાય અને જે પદાર્થો મોક્ષ હેતુભૂત હોય તે જ પદાર્થો સંસારના હેતુભૂત થાય. દાખલા તરીકે જે શરીરથી પાપ બંધાય તે જ શરીરથી ધર્મ સધાય. કહ્યું છે કેઃ—

જે શરીરવડે વિવેકહીન માણસો સંસારના બીજને પરિપુષ્ટ કરે છે તે જ શરીરવડે વિવેકશાળી સજ્જનો સંસારના બીજને સુકાવી નાખે છે.

જે સ્ત્રીને નરકની ખાણ કહેવામાં આવે છે તે જ સ્ત્રી શાણી, સુશીલા અને ધર્માત્મા હોય તો પોતાના પતિને આડે રસ્તે જતાં રોકે અને ધર્મ-માર્ગ પર લાવે તો તે જ સ્ત્રી તેના પતિને માટે મોક્ષ-લાભનું કારણ ગણાય.

એ પ્રમાણે જે તલવાર હિંસક શસ્ત્ર હોઈ અધર્મનું કારણ છે, તે જ તલ-વારથી દેશ અને ધર્મ ઉપર ચડી આવેલાં ઘાતકી દુશ્મનોના વાદળો ફેડી શકાય છે. અને એ રીતે દેશરક્ષા, પ્રજારક્ષા, ધર્મરક્ષા માટે અયોગ્ય સમય પર યોગ્ય રીતે તલવારનો કરાતો ઉપયોગ એ તેનો સદ્ઉપયોગ હોય તે જ તલવાર ધર્મલાભનું કારણ બને છે. ઘર ઉપર કે ધર્મ ઉપર ત્રાપ મારતા દુશ્મનને હંફાવવાની શક્તિ પોતાનામાં ન હોય અને ડરીને આઘો ખસીને શાંત થઇ ઊભો રહે તો એ શાંતિ કે ક્ષમા ન કહેવાય. એ તો ચોખી નબ-ળાઇ, કાયરતા યા બાયલાપણું છે. એવી નબળાઇને ક્ષમાનું નામ આપવું એ ક્ષમાદેવીની ચોખી મશ્કરી છે.

**ક્ષમા એ વીરનું ભૂષણ છે. શુરવીર પોતાની શૂરવીરતાનો દુરઉપયોગ ન કરતાં શાંતિ ધારણ કરે તો તેની જો ક્ષમા પૂજનિય ગણાય.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીરશાસનને વીરો ઝીલી શકે; નબળાઓના હાથમાં આવતાં તેનુ પતન થાય. પણ એવી નબળી હાલતનું પરિણામ આખરે વિપાત જ હોય. તેનામાં ખરૂં ઝનૂન હોય, ખરી વીરતા હોય, તો તેમની આંખો સ્હામે લૂટાતા ધર્મ-ધન અને તીર્થ-ધનને તેઓ રોતડ મોઢે ટગટગ જોઇ બેસી ન રહે. પોતાના ધર્મ-ધનની રક્ષા માટે તેમને પરમુખપેક્ષી બનવું પડે છે. આડાંઅવળાં ફાંફાં મારવા સિવાય બીજો શો રસ્તો તેમને હોઇ શકે? ગુલામ બની બીજાની કૃપાના ટુકડા માટે ફાંફાં મારનાર તે કમજોરોથી બીજું શું થઇ શકે ? લક્ષ્મીના મદ ઉપર તેઓ ગમે તેટલું કુદે, જોર મારે અને કદાચ પૈસાના પાણી કરી લાખના બાર હજાર મેળવે તો પણ તે મળેલો ટુકડો ગુલામોને સ્વાધીન નથી રહી શકતો. માયકાંગલાઓના હાથમાંથી તે ટુકડો છીનાવી લેવામાં સત્તાધીશો યા વિધર્મી બલવાનોને કેટલી વાર લાગવાની હતી ?

જે કર્મ-શૂર હોય તે જ ધર્મશૂર હોય એ કોણ નથી જાણતું? नमो अरिहंताणं જે મૂળ મન્ત્રનો પ્રથમ સૂત્રપાત છે તેમાં જે અરિને-મારનારાઓને નમસ્કાર કરવામાં આવ્યો છે એ મંગળમય નમસ્કારમાં કોઇ વિલક્ષણ જુસ્સો ભર્યો છે. પરમ પૂજનિય મંત્ર ધ્વનીમાં કોઇ એવી વીજળી મુકી છે જેનું ધ્યાન આત્મામાં એક મહાન બળ રેડે છે. જો કે તે અરિઆદિથી રાગદ્વેષાદિ ભાવ અરિઓ લેવાય છે પણ તે ભાવ અરિઓને સંપૂર્ણ હણવા માટે પરમોત્કૃષ્ટ શરીરબળની પણ અનિવાર્ય આવશ્યકતા છે એ વાતની કોઇ ના પાડી શકે તેમ નથી. જૈનશાસ્ત્ર ખુલ્લું જણાવે છે કે મુક્તિપ્રાપ્તિ માટે જેમ સમ્યગ્દર્શનાદિ આભ્યંતર સામગ્રીની આવશ્યકતા છે તેમ પરમોત્કૃષ્ટ શરીરબળની પણ આવશ્યકતા છે એ વગર મુક્તિ કદી મળે જ નહિ એ મહાવીરનો ઉદ્ઘોષ છે.

એ વસ્તુસ્થિતિનો વિચાર કરતાં જણાઇ આવે છે કે સારાસાર પરિણામ વસ્તુ ઉપર આધાર નથી રાખતા પણ વસ્તુના ઉપયોગ ઉપર આધાર રાખે છે. વસ્તુનો સદુઉપયોગ સુપરિણામ લાવે છે ત્યારે તેનો જ દુરપયોગ દુષ્પરિણામ લાવે છે.

પ્રત્યે દયાની હાર્દિક લાગણી ધરાવનાર અને અહિંસા ધર્મના સિધ્ધાંતને વ્યાપકરૂપે પોતાની જીવનચર્યામાં ઉતારનાર હોવો જોઇએ. બીજાના ભલા માટે સ્વાર્થનો ભોગ આપવામાં તેને રસ પડતો હોવો જોઇએ. બીજાનું બુરૂં કરીને લાભ મેળવવાની લાલચ તેના હૃદયમાં ઉત્પન્ન ન થવી જોઇએ. અન્યાય અને અધર્મથી મળતી લક્ષ્મી તેની મન વિષરૂપ ગણાવી જોઇએ, સત્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને સંયમ એ તેના જીવનના આભુષણુ હોવા જોઇએ. આવા ગૃહસ્થો પણુ જેમ શાસ્ત્રકુશળ હોય તેમ જો શસ્ત્રકુશળ હોય તો તેઓ વધારે ધર્મઉદ્યોત કરી શકે. એવા ગૃહસ્થોના હાથમાં ચમકતી તરવાર તેમના સાત્વિક આત્મ-જુસ્સાનું જ્વલંત ચિન્હ છે. એ તેમનું ધર્મ ખડગ છે. એ તેમના આત્મસન્માનનો જળહળતો પુરાવો છે. એવા ધર્મખડગધારી ધર્મયોદ્ધાઓ અને વીરભૂમિમાંથી જ્યારે નીપજશે ત્યારે વીરધર્મનો ડંકો વાગવાનો.

**સંગઠન—**

વીરધર્મનો ડંકો વગાડવા માટે વીરભક્ત સમાજ સંગઠન થવાની પરમ આવશ્યક્તા છે. યોદ્ધાઓ પણુ છિન્નભિન્ન દશામાં પડેલા હોય તો તેમનાથી પણુ કાંઇન વળે. ગચ્છોના તથા ફીરકાઓના ઝગડા બધાય પાણીમાં પધરાવી દેવા જોઇએ. હૃદયમાં એ કોતરી રાખવું જોઇએ કે ભિન્નભિન્ન રીતે એક કરવા છતાં પણુ વીતરાગધર્મની આરાધના કરી શકાય છે. આ ઉદાર તત્ત્વ વીરભક્તોના હૃદયોમાં વસી જાય અને માત્ર સહિષ્ણુપણું અને ઉદારભાવનો વિકાસ થાય તો તેમનું સંગઠન થતાં વાર ન લાગે. જે સમાજનો ઇષ્ટદેવ મત્રી ભાવના સિદ્ધાંતનો અસાધારણુ પ્રચારક હોય અને જે ધર્મ શાસનનો મૂળ મંત્ર મૈત્રીભાવ હોય, તે સમાજમાં અંદર અંદર કુસંપ હોય, પરસ્સપર વેરવિરોધ હોય અને ઝગડાંરગડાં ચારે બાજુ ફેલાયેલા હોય એ કેટલી બધી શરમાવનારી બીના ગણુાય ? આવી છિન્નભિન્ન દશામાં આપણુને એ પણુ ભાન નથી રહ્યું કે જૈનોની શી દશા છે ? જૈન સમાજ કેવી બીમારીમાં સપડાયો છે અને તેનું ભવિષ્ય કેવું છે ? વસ્તીપત્રકના આંકડા વાંચનારાઓને ખબર હશે કે જૈનવસ્તીના સંબંધમાં તે આંકડા કેટલા બધા રોમાંચકારી છે કે જ્યાં દશ દશ વર્ષે પચાસ યા સાઠ હજારનો ઘાણુ વળતો હોય તે સમાજનું આયુષ્ય કેટલું કલ્પવું ?

કેટલાક ભોળા માણુસો એવું કહી નાંખે છે કે હરકત શી છે ? એકવીશ હજાર વર્ષ તો જીવવાના છીએ, પણુ તેમણે જરા વિચાર કરવો ઘટે કે તેમને એકવીશ હજાર વર્ષ સારી હાલતમાં પસાર કરવા છે કે દીનહીન કે છિન્ન હાલતમાં બીજાનાં ઠેલા ખાઇને પુરા કરવા છે ? માટે હાલની આપણી શોચ-નીય સ્થિતિનાં કારણો શોધીને તે માટે ચાંપતા ઉપાયો લેવા જોઇએ. આવા ભયંકર ઘટાડા માટે કાળ રાજાને દોષ દેવા પૂર્વે પોતાના જાતિબંધુઓની દુર્દશા તરફ નિરીક્ષણુ કરવાની જરૂર છે. એકલા ગુજરાત–કાઠિયાવાડ ઉપર નહીં પણુ જ્યાં જ્યાં જૈનોની વસ્તી છે તે બધા પ્રદેશો ઉપર વિચારદ્રષ્ટિ ફેંકવાની જરૂર છે, ત્યારે જ માલમ પડી શકે કે જૈનોમાં ભૂખમરો અને ગરીબાઇનો ત્રાસ

For Private And Personal Use Only

# અષ્ટ કર્મ—જ્ઞાન સ્વરૂપ.

પ્રવચન સંબંધી વિશેષ અવબોધરૂપ જ્ઞાનને ઢાંકે તે જ્ઞાનવરણીય. એના પેટાભેદ પાંચ. સામાન્ય અવબોધરૂપ દર્શનને ઢાંકે તે દર્શનાવરણીય ભેદ છે. સાતાસાતાના નિમિત્તભૂત વેદનીય બે પ્રકારનું. મુંઝવે–વિકળ કરે તે મોહનીય ૨૮ ભેદે. ગતિ જાતિ વિગેરેના પર્યાયો પમાડે તે નામકર્મ ૧૦૩ પ્રકારે. ભવાંતર પમાડે તે આયુ ભેદ ૪. ઊંચા–નીચાનો વહેવાર દર્શાવનાર ગોત્રકર્મના બે ભેદ. દાનાદિક લબ્ધિનો અંતરાય કરે તે આઠમું અંતરાય. કર્મ પાંચ પ્રકારે છે. એનો ઉપન્યાસ આ પ્રમાણે–જ્ઞાનદર્શન તે જીવનું લક્ષણ છે ચેતનાલક્ષણો જીવ: ઇતિ વચનાત. તે વિનાનો જીવ અજીવપણું પામે. તેમાં પણ જ્ઞાન મુખ્ય છે, સાકારોપયોગપણાએ કરીને સાકારોપયોગવંતને સર્વ લબ્ધિ ઉપજે, મોક્ષપ્રાપ્તિ સમયે પણ તે જ ઉપયોગવંત હોય, તે માટે જ્ઞાન મુખ્ય છે. તેથી તે ગુણને ઢાંકનાર કર્મ પ્રથમ કહ્યું. તે પછી બીજે સમયે ( કેવળીને ) અનાકારોપયોગ–સામાન્યોપયોગ–દર્શનોપયોગ હોય તેને ઢાંકે તે દર્શનાવરણીય બીજું. એ ઉભય પોતપોતાના વિપાક દેખાડતાં સુખ–દુઃખ–રૂપ વિપાકના હેતુ થાય તે માટે ત્રીજું વેદનીય. વિપાક સમયે જીવને રાગદ્વેષ, કષાય ઉપજે માટે ચોથું મોહનીય. એથી મુંઝાયેલ જીવ બહુ આરંભાદિવડે નરક તિર્યંચાદિકનું આયુ બાંધે. ભવથકી ભવાંતરે જતાં જીવને નિશ્ચયે આયુષ્ય ઉદય આવે તેથી તેનો નંબર પાંચમો. આયુ વગરના સાત કર્મો તે ભવે, ભવાંતરે કિંવા ઘણે ભવે પણ ઉદયમાં આવે પણ આયુકર્મની એ વિશેષતા છે કે તે ભવે ઉદય આવે જ નહીં. ભવાંતરે અર્થાત્ બીજા ભવે

---

કેટલો વર્તી રહ્યો છે ? અને પેટને માટે ધર્મપરાંઙમુખ થવાનું કેટલા પ્રમાણમાં બને છે ? ખરી વાત તો એ છે કે પેટમાં રોટલો પડ્યો હોય તો કંઈ કલ્યાણ-માર્ગ સૂઝે.

આ દિગ્દર્શનથી શાસનની દાઝ દિલમાં ધરી જો કંઈ પણ સમયોચિત જૈન સમાજના હિતની ખાતર યથાશક્ય પ્રયત્ન કરવામાં આવશે તો હજી પણ તેમાં સારો સુધારો થવા પામી જૈન સમાજના ભલા સાથે શાસનોન્નતિ થવા પામશે, પરંતુ વેરવિરોધભરી વૃત્તિ વધવા દેવાથી તો તેનો વહેલો વિનાશ થવા પામશે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉદયમાં આવે. આયુના ઉદયે અવશ્ય ગતિ–જાત્યાદિકનો ઉદય હોય એટલે નામકર્મ અને નામ હોય ત્યાં ગોત્ર અવશ્યંભાવી હોવાથી પછી ગોત્ર. ઊંચ–નીચ ગોત્રના ઉદયે દાનલાભાદિકનો ઉદય–વિનાશ થાય તેથી છેલ્લું અંતરાય કર્મ.

**જ્ઞાનસ્વરૂપ**–મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ અને કેવળ નામે જ્ઞાન પાંચ પ્રકારે છે (૧) ઇંદ્રિય અને મનવડે કરીને માનીએ–જાણીએ અથવા તો સન્મુખ રહેલ નિયત પદાર્થને જે જણાવે તે મતિજ્ઞાન (૨) સાંભળવાથી વા સિદ્ધાંત વાંચવાથી પ્રાપ્ત થાય તે શ્રુતજ્ઞાન (૩) મર્યાદા પ્રમાણે રૂપીદ્રવ્યનું જાણવું તે અવધિ (૪) મનચિંતિત અર્થનું જાણવું તે મનઃપર્યવજ્ઞાન (૫) અખંડપણે લોકાલોકનું તથા રૂપી અરૂપી સર્વ દ્રવ્યનું તથા જીવાજીવના સર્વ પર્યાયોનું સમકાળે જાણવું તે કેવળજ્ઞાન. તેમાંના પહેલાં બે પરોક્ષ અને પાછળના ત્રણ આત્માને પ્રત્યક્ષ હોય છે. નીચે મુજબ મતિજ્ઞાનના ૨૮ ભેદ પડે છે:–(૧) ઈંદ્રિયોને વિષયપ્રાપ્ત પદાર્થનું અવ્યક્તપણે જાણવું તે વ્યંજનાવગ્રહ. એ મન તથા ચક્ષુ વિના બાકીની ચાર ઇંદ્રિયોને હોય છે કારણ કે મન તથા ચક્ષુ ઇંદ્રિય પુદ્ગળને ફરસ્યા વગર વિષય જાણી શકે છે. (૨) ઇંદ્રિય તથા મનને વિષયપ્રાપ્ત પદાર્થનું સામાન્યપણે જાણવું તે અર્થાવગ્રહ (૩) એ શું હશે ? એવું વિચારવું તે ઇહા (૪) તેહનું નિરધારવું તે અપાય. (૫) તે ધારી રાખવું તે ધારણા. આમ ક્રમાંક બેથી પાંચ સુધીના ચારે કરણ પાંચ ઇંદ્રિય તથા છઠ્ઠા મનને હોય એટલે ભેદ ૨૪. તેમાં પ્રથમના ચાર મેળવતાં કુલ અઠાવીશ. એ શ્રુતનિશ્રિત મતિજ્ઞાનના ભેદ થયા. તેવુંજ અશ્રુતનિશ્રિત મતિજ્ઞાન છે તે પ્રાયે કરીને શ્રુતના અભ્યાસ વિના સહેજે જ વિશિષ્ટ ક્ષયોપશમને વશે મતિ ઉપજે તે.તેના ચાર પ્રકાર–સ્હેજે પોતાની મેળે જ ઉપજે તે ઔત્પાતિકી બુદ્ધિ (૧) ગુરુનો વિનય શુશ્રૂષા–સેવા કરતાં આવે તે વૈનયિકી (૨) કર્મ ( અભ્યાસ ) કરતાં કરતાં ઉપજે તે કાર્મિકી (૩) પરિણામ તે દીર્ઘકાળનું–પૂર્વાપર અર્થનું–અવલોકન તે પારિણામી કે દીર્ઘકાલિકી બુદ્ધિ (૪) અવિચ્યુતિ–નિર્ધારિત વસ્તુને કંઇ પણ ફેરફાર વિના તેજ સ્વરૂપે ધારી રાખવી તે. (૨) સ્મૃતિ–નિર્ધારિત વસ્તુને અર્થમાત્રે ધારી રાખવી તે. (૩) વાસના–સંખ્યાત અસંખ્યાત કાળ સુધી ભવાંતરે ધારી રખાય તે. જાતિસ્મરણજ્ઞાન એ વાસનાનો એક પ્રકાર છે; અને એ ત્રણે ભેદનો સમાવેશ ધારણામાં થાય છે. સમજ માટે ઉદાહરણ–કોઇ પુરુષે અવ્યકત શબ્દ સાંભળ્યો તે વેળા ભાષાના પુદ્ગળ તેના કર્ણમાં પેસી શ્રોત્ર ઇંદ્રિયને ફરસ્યા, તેથી અતિઅવ્યક્તપણે થયું જે જ્ઞાન એ શ્રોત્રઇંદ્રિયનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યંજનાવગ્રહ. ત્યારપછી કોઇએ મને સાદ દીધો એવું જે અવ્યક્તજ્ઞાન તે અર્થાવગ્રહ. એ સાદ અમુક નર કે અમુક નારીનો છે એવી વિચારણા તે ઇહા. એ તો અતિ ઊંચો સાદ છે માટે અમુક નરનો જ એવો નિશ્ચય તે અપાય; અને એ નિશ્ચયને ઘણા કાળ સુધી ધારી રાખવા પણું તે ધારણા ચક્ષુઇંદ્રિયનો વ્યંજનાવગ્રહ ન હોવાથી એનો ક્રમ આ પ્રમાણે–કોઇ પુરૂષે અવ્યક્ત રૂપ દીઠું. તે રૂપના પુદ્‌ગળ અપ્રાપ્યકારી હોવાથી ચક્ષુને ફરસતા નથી તેથી વ્યંજનાવગ્રહ ન થાય, પણ દેખવાને પ્રથમ સમયે જ અવ્યકત જ્ઞાન રૂપ ચક્ષુનો અર્થાવગ્રહ થાય. ત્યારબાદ એ સ્થાણુ કે પુરુષ? સ્થાણુ તો સ્થિર હોય, પુરુષ તો હાલે ચાલે, એવી વિચારણા તે ઈહા. સ્થિર હોવાથી નિશ્ચે એતો સ્થાણુ તે અપાય. અને તેને ધારી રાખવામાં આવે એ ધારણા ઉકત અઠાવીશ ભેદોને નિમ્ન લિખિત બાર પ્રકારે વિસ્તારતાં મતિજ્ઞાનના ૩૩૬ ભેદ થાય. વળી ચાર બુદ્ધિ એમાં ઉમેરતાં કુલ ૩૪૦ (૧) બહુ (૨) અબહુ (૩) બહુવિધ (૪) અબહુવિધ (૫) ક્ષિપ્ર (૬) અક્ષિપ્ર (૭) નિશ્ચિત (૮) અનિશ્ચિત (૯) સંદિગ્ધ (૧૦) અસંદિગ્ધ (૧૧) ધ્રુવ (૧૨) અધ્રુવ. એની સમજુતી–કોઇ અનેક વાજિંત્રના શબ્દો સામટા સાંભળી અહીં આટલી ભેરી, આટલા શંખ વાગે છે એમ જુદું જુદું ગ્રહણ કરે તે બહુગ્રાહી (૧) જ્યારે કોઇ અવ્યકતપણે માત્ર વાજિંત્ર વાગે છે એટલું જ જાણે તે અબહુ (૨) કોઇ મધુર મંદત્વાદિ બહુ પ્રકારનું જ્ઞાન ધારે તે બહુવિધ (૩) તો કોઈ માત્ર એક બે પર્યાયો ગ્રહે તે અબહુવિધ (૪) તુરત જાણે તે ક્ષીપ્રગ્રાહી (૫) વિચાર્યા બાદ ઘણી વેળાયે જાણે તે અક્ષિપ્રગ્રાહી (૬) ચિન્હઆશ્રયી જાણનાર–પતાકાથી દેવકુળ–નિશ્ચિતગ્રાહી. ચિન્હ વગર જાણનાર અનિશ્ચિતગ્રાહી. સંશયસહિત ગ્રહે તે સંદિગ્ધ તેથી વિપરીત તે અસંદિગ્ધ. એક વાર ગ્રહણ કર્યા બાદ વીસરે નહીં તે ધ્રુવ. જયારે એક વાર ગ્રહ્યું સર્વદા ન રહે તે અધ્રુવ.

મતિજ્ઞાની ઓઘે ( સામાન્યે ) આગમથી સર્વદ્રવ્ય જાણે પણ દેખે નહીં, ક્ષેત્રથકી આગમબળે સર્વક્ષેત્ર ( લોકાલોક ) જાણે પણ દેખે નહીં, કાળથકી આદેશે ( આગમથી ) સર્વકાળ જાણે પણ દેખે નહીં અને ભાવથકી આદેશે સર્વભાવ જાણે પણ દેખે નહીં. યદ્યપિ મતિશ્રુત તો સંલગ્ન જ છે એટલે મતિ વિના શ્રુત નથી અને શ્રુત વિના મતિ નથી, છતાં મતિ તે શ્રુતનું હેતુ હોવાથી તેમજ શ્રુત એ મતિનું રૂપ હોવાથી મતિની વાત કર્યા પછી શ્રુતની વાત હાથ ધરાય છે. મતિ જ્યારે પોતાનું સ્વરૂપ કોઇને કહી શકતું નથી ત્યારે શ્રુત તો અક્ષરરૂપ હોવાથી પરને દઇ શકાય છે. શ્રુતજ્ઞાનના ચૌદ પ્રકાર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# વર્તમાન સમાચાર.

**કદંબગિરિ તીર્થ**—ઉપર થયેલા જિનમંદિરો માટે વૈશાક શુદ ૭ના રોજ અંજનશલાકા, વૈશાક શુદ ૧૦ના રોજ પ્રતિષ્ઠા આચાર્ય શ્રી વિજયનેમિસૂરિજી મહારાજના નેતૃત્વ નીચે થશે.

× × × ×

**જૈન કોન્ફરન્સનુ અધિવેશન**(૧૫મું)-ફાગણ વદિ ૮ ના રોજ અત્રે **જૈનબંધુઓની** મળેલી મીટીંગે ગાંધી જમનાદાસ અમરચંદ, શ્રી જગજીવનદાસ શિવલાલ, બી. એ. એલ. એલ. બી. અને શ્રી ચત્રભૂજ જેચંદભાઇ, બી. એ. એલ.એલ. બી.ને કામચલાઉ સેક્રેટરી નીમ્યા અને ભાવનગરમાં જૈન કોન્ફરન્સનું અધિવેશન ભરવા મુંબઇ કોન્ફરન્સ ઓફિસને તેઓના નામથી આમંત્રણ આપ્યું જે સ્વીકારવામાં આવ્યું.

× × × ×

**સાધુ સાધ્વી વિગેરે માટે પાઠશાળા**—શિવગંજ મારવાડમાં સાધુસાધ્વી મહારાજને અભ્યાસની સગવડ ખાતર તેમજ શ્રાવકોને પણ આગમનું જ્ઞાન મેળવી શકે તે માટે શ્રી આત્માનંદ જૈન પાઠશાળાનું સ્થાપન કરવામાં આવેલ છે. મારવાડ જેવા પ્રદેશ

---

મતાંતરે વીશ પ્રકાર પણ કરાય છે. ૧ અક્ષરશ્રુત, ૨ અનક્ષરશ્રુત, ૩ સંજ્ઞિશ્રુત, ૪ અસંજ્ઞિશ્રુત, ૫ સમ્યક્ત્વશ્રુત, ૬ મિથ્યાશ્રુત, ૭ સાદિશ્રુત, ૮ અનાદિશ્રુત, ૯ નિશ્ચે સપર્યવાસિશ્રુત, ૧૦ અપર્યવાસિતશ્રુત, ૧૧ ગમિકશ્રુત, ૧૨ અગમિકશ્રુત, ૧૩ અંગ પ્રવિષ્ટશ્રુત, ૧૪ અંગબાહ્યશ્રુત. અક્ષરશ્રુતના ત્રણ ભેદ, સંજ્ઞાક્ષર, વ્યંજનાક્ષર, અને લબ્ધ્યક્ષર. સંજ્ઞાક્ષરના ૧૮ પેટાભેદ તે લિપિરૂપે જાણવા, લિપિ એટલે અક્ષરના આકાર. ૧ હંસલિપિ. ૨ ભૂઅલિપિ ૩ જખખા, ૪ રખખસી, ૫ ઉમ્મી, ૬ જવણિ, ૭ તુરૂક્કી, ૮ કીરી, ૯ દવિડી, ૧૦ સિંધવિયા. ૧૧ માળવિણી, ૧૨ નડિ, ૧૩ નાગરી, ૧૪ લાડલિપિ, (લિવિ–લીપી) ૧૫ પારસી, ૧૬ નિમિત્તી, ૧૭ ચાણુક્કી, ૧૮ મૂળદેવી. ઉક્ત પ્રકાર જુદી જુદી ભાષા આશ્રિત પાડવામાં આવેલ છે. વ્યંજનાક્ષર એટલે અકારાદિથી હકારપર્યંત બાવન અક્ષર મુખે ઉચ્ચારવારૂપ. એબે અજ્ઞાનાત્મક હોવા છતાં શ્રુતના કારણરૂપ હોવાથી શ્રુતમાં ગણેલા છે. ત્રીજો ભેદ લબ્ધ્યક્ષર એટલે અર્થને પ્રત્યયે કરીને ગર્ભાક્ષર લાધે અર્થાત્ અક્ષરે કરીને અભિલાપ્ય ભાવ પ્રતિપાદવા તે. અનક્ષરશ્રુત તે શિરકંપન, હસ્તચાલનાદિકે અભિપ્રાયનું જાણવું તે.

**સંગ્રાહક ચોકસી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




**ત્રણ રત્નો** ( શ્રી કુંદકુંદાચાર્યના )—સંપાદક-**ગોપાળદાસ** જીવાભાઇ પટેલ. પ્રકાશક, શ્રી **જૈન સાહિત્ય** પ્રકાશન સમિતિ, નવજીવન કાર્યાલય, અમદાવાદ, શ્રી પુંજાભાઇ **જૈન** ગ્રંથમાળાનું ૧૪ પુસ્તક આ છે. આ ગ્રંથ તૈયાર કરવામાં સમયસાર–પ્રવચનસાર અને પંચાસ્તિકાય એ ત્રણ ગ્રંથો કે જે પરમશ્રુતપ્રભાવક મંડળ તરફથી પ્રકટ થયેલા છે તેના ઉપરથી તૈયાર કરેલો છે. **વ્યવહારિક દૃષ્ટિબિંદુ દ્રવ્યવિચાર, નવ તત્ત્વનું** સ્વરૂપ અને **સર્વવિશુદ્ધ જ્ઞાન** આ ચાર મુખ્ય વિષયો બે ખંડ અને પંદર પ્રકરણોમાં ટૂંકામાં આપેલ છે, જે પઠનપાઠન કરવા જેવા સરલ છે. ઉપોદ્ઘાતમાં દિગંબર સંપ્રદાયમાં શ્રીકુંદકુંદાચાર્યનુ સ્થાન, કાલનિર્ણય–ભદ્રબાહુના શિષ્ય ? તેમની કૃતિના ગ્રંથો, તેમનું વેદાંત અને જીવકર્મનો સંબંધ આપેલ છે જે જાણવા જેવું છે. શ્રી પુંજાભાઇ ગ્રંથમાળા તરફથી પ્રકટ થતાં ગ્રંથો વિદ્વાનોના હાથે લખાતા હોવાથી તેમજ ઉપયોગી જૈન સાહિત્ય પ્રકટ થતુ હોવાથી બરોબર ઉદ્દેશ જળવાય છે એમ કહેવું જોઇએ. કિંમત આઠ આના યોગ્ય છે.

---

**શ્રી ઉજમબાઇ જૈન કન્યાશાળા સં. ૧૯૮૩ થી સં. ૧૯૯૩ સુધીનો રિપોર્ટ,**

છત્રીશ વર્ષથી ચાલતી, વચ્ચે મંદસ્થિતિએ પહોંચ્વા છતાં, હાલમાં તેની કાર્યવાહક કમીટીના હાથમાં આવ્યા પછી ધોરણસર ચાલવી શરૂ થઇ છે, છતાં પણ અત્યાર સુધીમાં અનેક બાળાઓ ધાર્મિક શિક્ષણનો લાભ મેળવા ગયેલ છે. હાલમાં શુમારે અઢીસેંહ બાળા ધાર્મિક શિક્ષણનો લાભ લે છે. ગયા આસો માસમાં વાર્ષિક પરીક્ષા ઇનામી મેળાવડો રાજ્યના કેળવણીખાતાના અધિકારી સાહેબના પ્રમુખપણા નીચે કરવામાં આવ્યો હતો. તેઓ સાહેબે પ્રશંસા કરી હતી. હાલ તે જાગૃતિમાં આવી છે. રિપોર્ટ તથા હિસાબ હાલની કમીટીએ પ્રકટ કરેલ છે. તે વ્યવસ્થિત અને કરકસરથી ખર્ચ કરે છે તેમ રિપોર્ટ ઉપરથી જણાય છે અને યોગ્ય છે. ભાવનગર શહેરમાં બાળાઓ માટે આ એક જ અને પ્રથમ ધાર્મિક શિક્ષણશાળા છે તેને અહિંના સમાજે પગભર કરવાની જરૂર છે. શરૂઆતના ધાર્મિક શિક્ષણ અને સંસ્કાર માટે તેની પ્રગતિ કરવા જરૂર છે. સમયને અનુસરીને સાથે ઘરગતુ ઔદ્યોગિક શિક્ષણ સાથે દાખલ કરવા જરૂર છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

---

આવા સાધનની જરૂરીયાત તેથી પૂરી પડી છે.

× × × ×

આચાર્ય શ્રી વિજયલલિતસૂરિજીના નેતૃત્વ નીચે ઉમેદપુર શ્રી પાર્શ્વનાથ જૈન બાલાશ્રમમાં શ્રીયુત **સરદારમલ જીતાજી** આદિ તરફથી નવપદજીની ઓળીની આરાધનાનો મહોત્સવ યોજવામાં આવ્યો હતો, જે શાંતિથી સરલ રીતે પરિપૂર્ણ થયો છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧ | શાહ વૃજલાલ ભીખાભાઈ | ભાવનગર | બી. વ. લા. મે. |
| ૨ | વકીલ ભાઇચંદ અમરચંદ | ,, | વાર્ષિક મેમ્બર |
| ૩ | શાહ વિનયચંદ મૂળચંદ | ,, | ,, |
| ૪ | શાહ ભાઇચંદ ગોકળદાસ | ,, | ,, |
| ૫ | શાહ શાંતિલાલ ઓધવજી | મુંબઈ | ,, |

## નવા પ્રકટ થયેલા ગુજરાતી ગ્રંથો.

૧ શ્રી સામાયિક સૂત્ર, મૂળ ભાવાર્થ વિશેષાર્થ સહિત. રૂા. ૦–૨–૬

૨ શ્રી દેવસિરાઈ પ્રતિક્રમણ ,, ,, રૂા. ૦-૧૦-૦

૩ શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર ,, ,, ગુજરાતી તથા શાસ્ત્રી બંને અક્ષરોવાળી બુક. ( શ્રી જૈન એજ્યુકેશન બોર્ડે જૈન પાઠશાળાઓ માટે મંજુર કરેલ ). રૂા. ૧–૪–૦ રૂા. ૧–૧૨–૦

૪ શ્રી શત્રુંજય તીર્થનો પંદરમો ઉદ્ધાર અને સમરસિંહ. રૂા. ૦–૨–૦

૫ શ્રી શત્રુંજય તીર્થ વર્તમાન ઉદ્ધાર અને કર્માશાહ. ચરિત્ર પૂજા સાથે. રૂા ૦–૪–૦

૬ શ્રી તીર્થંકર ચરિત્ર. ( ભાષાંતર ) રૂા. ૦–૧૦–૦

૭ શ્રી વીશ સ્થાનક પદ પૂજા ( અર્થ, વિધિ–વિધાન, યંત્રો, મંડળ વગેરે સહિત ). રૂા. ૦–૧૨–૦

## પરમાત્માના ચરિત્રો.

( ગુજરાતી ભાષામાં ) તયાર છે.

૧ શ્રી નેમનાથ ચરિત્ર ૨–૦–૦

૨ શ્રી વિમળનાથ ચરિત્ર ૧-૧૨-૦

૩ શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર, બે ભાગમાં ૪–૮–૦

૪ શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર ૧-૧૨-૦

૫ શ્રી મહાવીર ચરિત્ર (આવતા માસમાં પ્રકટ થશે) રૂા. ૨–૮–૦

## છપાતાં મૂળ ગ્રંથો.

१ धर्माभ्युदय ( संघपति चरित्र. ) २ श्री मलयगिरि व्याकरण.

३ श्री वसुदेवहिंडि त्रीजो भाग. ४ पांचमो छट्ठो कर्मग्रन्थ.

५ श्री बृहत्कल्प भाग ४

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431.

# શ્રી બૃહત્કલ્પસૂત્ર ત્રીજો ભાગ.

( પ્રથમ ઉદ્દેશ )

( શ્રી ભદ્રબાહુ સ્વામીપ્રણીત સ્વોપજ્ઞનિર્યુક્તિ સહિત અને
શ્રી સંઘદાસગણિ ક્ષમાશ્રમણ સંકલિત ભાષ્ય સહિત )

અતિમાન્ય આ છેદસૂત્રનો આ ત્રીજો ભાગ પ્રાચીન ભંડારો અને લિખિત તાડપત્રીય પ્રતો સાથે રાખી અનુપમ પ્રયત્ન સેવી સાક્ષરવર્યો મુનિરાજ **શ્રી ચતુરવિજયજી મહારાજ** તથા **મુનિરાજ શ્રી પુણ્યવિજયજી મહારાજે** સંશોધન કરી તૈયાર કરેલ છે, કે જેમાં કલ્પાધ્યયન ટીકામાં પ્રથમ ઉદ્દેશની પરિસમાપ્તિ કરવામાં આવેલ છે. અમારા પ્રાચીન સાહિત્ય ( સંસ્કૃત-પ્રાકૃત )ના પ્રકાશનોમાં પ્રસ્તાવના, નિવેદનો ગુજરાતી ભાષામાં પ્રકટ કરવામાં આવે છે કે જેથી તે તે ગ્રંથોના અજાણ ભાઈઓ વગેરે આમાં શું વિષય છે, સંશોધનકાર્યમાં કેવો પરિશ્રમ સેવી સંપાદક મહાપુરુષો સાહિત્યસેવા અને જૈન સમાજ ઉપર કેવો ઉપકાર કરી રહેલ છે તે માલમ પડે.

આ ગ્રંથમાં આવેલ વિષયો માટે ટીકાકાર મહારાજે તેના સ્થાનદર્શક જે આગમો આવેલ છે તે પ્રમાણોના સ્થાનદર્શક ગ્રંથો અને પ્રકાશકોની નામસૂચિ, વિષયાનુક્રમ, પાઠાંતરો, ટિપ્પણીઓ વગેરે આપી વાંચક, અભ્યાસીવર્ગને માટે સરલ બનાવેલ છે. જ્ઞાનભંડારોના સુંદર શણગારરૂપ થવા સુંદર શાસ્ત્રીલીપીથી ઊંચા, ટકાઉ કાગળો ઉપર શ્રી નિર્ણયસાગર પ્રેસમાં મોટો ખર્ચ કરી સુશોભિત કપડાના બાઈંડીંગથી અલંકૃત કરવામાં આવેલ છે. કિંમત રૂા. ૫-૮-૦ સાડા પાંચ રૂપીઆ. પોસ્ટેજ જુદું.

**वसुदेवहिंडि–પહેલો અને બીજો ભાગ** રૂા. ૭-૦-૦

**बृहतकल्प–પ્રથમ બીજો અને ત્રીજો ભાગ** રૂા.૧૫-૮-૦

**દેવેન્દ્રસૂરિની ટીકાવાળા કર્મગ્રંથ પ્રથમથી ચાર સુધી રૂા. ૨-૦-૦**

માત્ર જુજ કોપી સીલીકે છે.

ઉપરના ગ્રંથોની ઘણી થોડી નકલો સીલીકે છે માટે જલદી મંગાવો પછી મળવી મુશ્કેલ છે.

લખો.

**શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.**

આનંદ પ્રિન્ટિંગ પ્રેસમાં શેઠ દેવચંદ દામજીએ છાપ્યું.—ભાવનગર.

For Private And Personal Use Only